







નેતાગીરી અંચળે કોઇ પક્ષની કૂખ હોય છે,
દંભી અપવાસે, દુ:ખની ઓઠે સુખ હોય છે,
રૂખ હોય છે 'ખૂદ' ની તપાસોથી છટકવાનો -
સેવાના બૂરખા નીચે જ સત્તાની ભૂખ હોય છે
(અપવાસ આંદોલન નાં નાટક)




બને છે પ્યાદાં,
રાજકીય પક્ષોનાં -
અન્ના કે બાબા..

દેખાય સૌને
દ્રાક્ષ-લૂમ સત્તાની
ને મૂખે પાણી

(બન્યા 'કારણ' રાજકારણના)

## ચિંતન

**આયુર્વિત્તં ગૃહછિદ્રં મંત્રમૌષધમૈથુને ।**
**દાનં માનાપમાનૌ ચ નવ ગોપ્યાનિ કારયેત ॥**

'આયુષ્ય, ધન-સમૃધ્ધિ, ઘરના છિદ્ર-ભેદ, મંત્ર, ઔષધ, મૈથુન, દાન, માન અને અપમાન આ નવ બાબત શક્ય હોય ત્યાં સુધી ગુપ્ત રાખવી.'

જીવનમાં સુખ-શાંતિ માટે માત્ર સમૃધ્ધિ જરૂરી કે મહત્ત્વના નથી, પણ ઘણીવાર વ્યવહારુ સમજ-જ્ઞાન પણ આવશ્યક બને છે. આ શ્લોકમાં એવી 'નવ' બાબતો જણાવવામાં આવી છે જે ગુપ્ત રાખવી જોઇએ.

(૧) આજના યુગમાં સ્ત્રીઓ સાચી ઉંમર કહેતી જ નથી પણ લગ્નેચ્છુક લોકો જાહેરાતોમાં પણ સાચી ઉંમર જણાવતા નથી. પ્રખર જયોતિષી એ પણ જો જાણી શકતા હોય કે ડોકટરે પણ, કોઇને 'આયુષ્ય' અંગે સાચો અભિપ્રાય ન આપવો. (૨) ધન-સમૃધ્ધિ તો આજે ઇન્કમટેક્ષ, દરોડા કે ચોર-લૂંટારા-ભાગીદારોનાં ભયે બધા ગુપ્ત જ રાખે. (૩) ઘરમાં સભ્યોના વર્તન-ચારિત્ર્ય-સ્વભાવમાં દોષ હોય છતાં તેના ગામનાં ઢંઢેરા ન પિટાય. (૪-૫) મંત્ર અને ઔષધ ખાનગી રાખવા, ઔષધ(?) પોતાનું મહત્ત્વ ટકાવી રાખવા માટે હશે કદાચ! (૬) મૈથુન-દુરાચાર ગુપ્ત રાખવા. (૭) આપેલા દાનના તકતી-પ્રચાર-ઢંઢેરા ન હોય. (૮) માન-સન્માન ગુપ્ત રાખવું. (૯) અપમાન થાય તો પણ ગળી જવું.

## સુવિચાર

- ક્ષમા આપવી એ ઉત્તમ છે પરંતુ એ બાબત અને ક્ષમા એ બંનેને ભૂલી જવું સર્વોત્તમ છે - **બ્રાઉનિંગ**
- જેમ કોયલના સંતાન કાગડાનાં માળામાં જ ઉછરે તે તેમ કવિનું સર્જન કુટિલ સમાજમાં જ નિર્માણ પામે છે - **જેઠાલાલ ત્રિવેદી**
- સ્ત્રીને થોડીક નિર્બળ જ રહેવા દેજો, પ્રેમ-ભાવનાની નિર્બળતા પણ જો સ્ત્રી ખોઇ બેસશે તો સંસારમાં સુખ નહીં હોય - **શરદ બાબુ**
- બોલકા, હસમુખા, ધનિક, સ્વરૂપવાન તો મેં ખૂબ જોયાં પણ એવો એક ન નિકળ્યો જે મારા આત્મા સાથે બોલતો હોય - **એસ. ભટ્ટાચાર્ય**
- હું મારા પરિવાર કરતાં મારા દેશને અને મારા દેશ કરતાં 'માનવતા'ને હું અધિક ચાહું છું - **જ્યોર્જ મૂરે**
- પરિશ્રમ છે તો જીવન છે, જીવન છે તો આનંદ છે - **ટોલ્સટોય**
- દુનિયામાં ઘણા પ્રકારની મીઠાસ છે પણ છાનાં દર્દ જેવી એકેય નહીં - **ધૂમકેતુ**

## બોધ કથા

આજકાલ શિક્ષક-વિદ્યાર્થીનાં સંબંધો પણ વ્યવસાયિક જ થઇ રહ્યાં છે, શિક્ષક માત્ર 'પિરિઅડ' પુરતાં જ બાળકનાં સંપર્કમાં રહે છે. વિદ્યાર્થી પણ 'વિષય-શિક્ષક' તરીકે જ એમને જાણે છે. બંને વચ્ચે પ્રેમભાવ-લાગણી-વાત્સલ્યના સંબંધ રહ્યા નથી.

વીરાભાઇ દલાભાઇ મકવાણા - જૂનાગઢ જિલ્લાના નાનકડા ગામ ધંધુસરની પ્રાથમિક શાળાના શિક્ષક, થોડું વૈદક જાણે અને આમેય પ્રેમાળ-સેવાભાવી-નાના ગામમાં શિક્ષક તરફ આમેય સૌને પૂજ્ય ભાવ હોય જ.

એક એમની શાળામાં ભણતો તેજસ્વી બાળક, મા ના કહેવાથી શાળા છોડવાનું પ્રમાણપત્ર લેવા આવ્યો, કહ્યું - હવે અભ્યાસ છોડી ખેતીમાં પડવું છે..

વીરાભાઇ એની મા ને મળવા ગયા. સમજાવીને કહ્યું - છોકરો તેજસ્વી છે તેને જૂનાગઢ ભણાવવાની જવાબદારી મારી, ભણવા દ્યો, મા સમંત થઇ.

વીરાભાઇ, શિક્ષકે એ બાળકની આગળ ભણવાની જવાબદારી ઉપાડી, એ બાળક ઉચ્ચ અભ્યાસ કરી, ભરૂચ-અંકલેશ્વરની જી.આઇ.ડી.સી.ના સ્થાપક પ્રમુખ અને આધાર સ્તંભ થયો, એમનું નામ ડાહ્યાભાઇ આણંદપુરા.

# આઝાદીનાં પોતાના અર્થો છે અને વિવિધતામાં એકતાંના દેશમાં આઝાદીમાં પણ વિવિધતા છે...

**કોફી હાઉસ**
**- ઉત્સવ પરમાર**

દર વર્ષની જેમ ૧૯૪૭ પછી આ ૬૫મી વખત ૧૫મી ઓગષ્ટ પર ભારતનાં ઇતિહાસનાં ચિંતનથી ભારતના ભવિષ્યની ચિંતાની રેગ્યુલર ચર્ચા ઓલ ઇન્ડિયા ટુર કરીને પાછી ફાઇલો - કાગળો અને આર્કાઇવ્ઝમાં ઘૂસી ગઇ. શૂન્યની નીચે રહેતો અથવા શૂન્યની આસપાસ રહેતો કે આતંકવાદી હુમલાઓ કે ૧૫/૨૬ જેવી તારીખોએ એકાએક થર્મોમીટરમાં ચડી જતો દેશભક્તિનો પારો ગરીબોથી લઇ અમીરો સુધી અલગ અલગ તાપમાન પર લોહી ઉકાળે છે... ઠંડા લોહીનાં મગરની જેમ દેશ વિશે વિચાર કરવા માટે તેમજ કોલમમાં દેશભક્તિ પર ફિલોસોફિકલ કટાક્ષ કરવા માટે ૧૫ ઓગષ્ટ કે ૨૬ જાન્યુઆરીનો તડકો જરૂરી છે... પણ એમાંય દાઝી ન જવાય કે સનબર્ન ન થાય એટલે કેટલાંક છત્રીઓ સાથે રાખીને જ ફરે છે...!!! બોલો ભારત માતા કી... (૩ વાર) !

ભારત એટલે વિવિધતાઓનો દેશ એવું લગભગ પાંચમાં ધોરણમાં ભણતાં છોકરાનાં નિબંધથી માંડીને પાંસઠ-પચ્ચાશી વર્ષનાં પ્રધાનમંત્રીઓનાં પ્રવચનોમાં અચૂક જોવા મળે છે. ભારત વિશે ઘણું બધું કહેવાય છે. કદાચ ભૂતકાળને વારંવાર યાદ કરવામાં ભારતીયો જેવી કુશળ પ્રજા ભાગ્યે જ હશે, વિમાનો ઉડતાં'તાં, સર્જરીઓ થતી હતી, કરોડનું સૈન્ય હતું, ટેલિપથી હતી, આમ હતું, તેમ હતુ... બસ બહુ થયું... યુ નો ઇન્ડિયાએ આ વર્લ્ડને ઘનું બધું આપી દીધુ છે... લેટ્સ ઇન્જોય ગાટ્ઝ... હવે વધારે શું આપવાનું? તમને ખબર છે... ભારત એ યુરોપ કરતાં મોટું છે... પીટો તાલી! તમને ખબર છે... ભારતની જનસંખ્યા ફલાણાં - ફલાણાં પાંચ દેશોની વસ્તી ભેરી કરી બમણી કરો તેનાથી પણ વધુ છે... ચલો ફિર સે તાલી! શું પ્રજાકીય શ્રેષ્ઠતાની સિધ્ધિઓ કે ભૌગોલિક વિસ્તાર કે જનસંખ્યાઓનાં આંકડા પૂરતી જ છે? શું ભારતનો આત્મા - પીડા - પરાજય - શોષણ અને આક્રમણોનાં ઇતિહાસથી અન્યાય પામેલી બદ્નસીબ પ્રજાતિઓનાં સમૂહ તરીકે ભૂતકાળની કાચની બોતલમાં કેદ થઇ જવા માંગે છે! બોલો ભારત માતા કી જય...! (૩ વાર)

**હકીકતમાં એ દિવસે આઝાદ થઈશ હું...**

આઝાદી મળ્યા પછી આઝાદીનું અર્થઘટન આજ સુધી ચાલી રહ્યું છે... આઝાદી ગણવી કોને? પાંખો આપીને પગે બેડીઓ નાંખવાને કે પાંખો કાપીને આકાશ આપવાને? એક તરફ પ્લાસ્ટિકનાં તિરંગા વેચીને ભૂખનો નાનકડો સોદો કરવાની આઝાદી છે. તો બીજી તરફ ખાદીનાં કે રેશમનાં તિરંગા ફરકાવીને દેશનો જ સોદો કરવાની આઝાદી છે? આજે આઝાદીની તીવ્રતા જુદી છે - આઝાદીનાં સૌનાં પોતાનાં અર્થો છે... મૂર્ખતાથી વિદ્વતા સુધીનાં... બેશર્મી મોર્ચાથી શરમ અને સંસ્કૃતિનાં રખેવાળ સુધીનાં... મિની સ્કર્ટથી ખાદીનાં ઝભ્ભા સુધીનાં... આસવોથી એસ્પરીન સુધીનાં...

આઝાદીનાં પોતાના અર્થો છે અને વિવિધતામાં એકતાંના દેશમાં આઝાદીમાં પણ વિવિધતા છે...

બોલો ભારત માતા કી... (૩ વાર)

આ એ દેશ છે જયાં અંધશ્રધ્ધા પર સૌથી વધુ શ્રધ્ધા છે... જયાં પથ્થરો માણસથી વધુ વિશ્વસનીય અને પૂજનીય છે... એમ પણ મૃત શરીરોને પૂજતાં આ દેશમાં જીવતા માણસની કદર થવી પાછી અઘરી છે... અહીં એક પાગલપન છે, અહીં એક સમજદારી છે... આ દેશને સમજવાનું પાગલપન... અને સમજીને પાગલ ન થવાની સમજદારી!! હિન્દુસ્તાનીઓ બહુ ભોળા હોય છે. એવું ઘણા લોકો કહે છે... આ ભોળા હોવું એટલે શું? સમજદારી અને પાગલપન વચ્ચેનાં નો મેન્સ લેન્ડ (કે ઓલ મેન્સ લેન્ડ) પર ઊભેલો માણસ ભોળો કહેવાય? વોટ યુ સે? અને ભોળા માણસોને ભાગ્ય અને ભગવાનો પર વધુ ભરોસો હોય છે... શું એટલે જ ભારત નિષ્ક્રિયતા તરફ જઇ રહ્યું છે? ભારતમાં દરેક સમસ્યા માટે સ્પેસિફીક ભગવાન છે... અને સમસ્યાઓ જયારે વિકરાળ થશે ત્યારે ભગવાન ખુદ વિઝિટ મારી દેશે... એક બાહ્ય આક્રમણકારીએ બંગાળ પર એકવાર આક્રમણ કર્યું ત્યારે તેનો રાજા લડવાને બદલે યજ્ઞ કરવા બેસી ગયો, એ ગણતરીએ કે યજ્ઞમાંથી અગ્નિ દેવતા પ્રકટ થશે અને શત્રુઓને ભસ્મીભૂત કરી નાખશે... અને આગળની વાર્તા હવે તમે સમજી શકો છો... આપણા દેશમાં રાષ્ટ્રગીતમાં શબ્દોમાં જ છે... ભારત ભાગ્ય વિધાતા...!! અને હજી શોધી શોધ ચાલી રહી છે... ભારત ભાગ્ય વિધાતા!! બોલો ભારત માતા કી જય! (૩ વાર)

યે હે ઇન્ડિયા! ગમે તેવું પણ ઘર છે આપણું... પરિન્દા કેટલુંય ઊડી નાંખે આવે તો પાછા પોતાના માળામાં જ... આ દેશ ગાળો આપ્યા પછી અને ગાળો ખાધા પછી પણ એટલો જ ગમતો રહે છે... વતનની ધૂળ જ નહીં એનાં પેટ્રોલ-કોલસાથી પણ માથું ભરવું પડે તો'ય વાંધો નથી હો... ખિસ્સામાં ડોલર રહે પણ હૃદયમાં તો ભારત જ... ગર્વિતાની એક ભાવના હંમેશા રહ્યા કરશે પરંતુ પ્રજાકીય શ્રેષ્ઠતાનો મતલબ બીજાને નીચા ગણવા એમ નથી... બધાં એ સાથે ચાલવાનું છે... એ દુનિયામાં જયાં સરહદો ના હોય (શું ચાર એની એ વાતો... આવું તો ઇશાવાસ્ય ઉપનિષદમાં વસુધૈવ કુટુમ્બકમ્માં કહેવાઇ ગયું છે... જવા દો ને) આઝાદી એક મોટી જવાબદારી છે...

સ્વથી સર્વ સુધીની...

અને છેલ્લે...

એક સ્વરચિત પંક્તિઓ ડોઝ આપવાની બંધારણીય આઝાદી (આર્ટીકલ ૧૯)નો ઉપયોગ કરી નીચે એક નાનકડું પ્રિસ્ક્રીપ્શન આપું છું... ના ઉકેલાય તો ચશ્મા બદલી ફરી ઉકેલજો...

"હકીકતમાં એ દિવસે આઝાદ થઇશ હું,
જે દિવસે પંખીઓનાં સપનામાં આવીશ હું"

● ● ●


બોલો ભારત માતા કી...

- ch9723367947@yahoo.com

## આજના દિવસનો મહિમા


**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૧૭મી ઓગષ્ટ**




● લોકસાહિત્યના જનક આપણા રાષ્ટ્ર શાયર ઝવેરચંદ મેઘાણીનો આજે જન્મદિન ૧૭-૮-૧૮૯૭. સરળ, તળપદી, બલવાન, ચોટદાર, લોકપ્રિય - રોચક બનાવ્યું.

● દેશોદ્ધારની પ્રવૃત્તિને વેગવંતી બનાવનાર, આર્ય



સમાજના સ્થાપક, લોકો માટે હિન્દી માધ્યમનો સ્વીકાર કરનારા તેજસ્વી સમાજ સુધારક દયાનંદ સરસ્વતીજીનો જન્મ ૧૮૨૪.

● ૧૯૪૫ - સુભાષચંદ્ર




બોઝનું છેલ્લું ભાષણ લોકોને સાંભળ્યું.

● રજબ અલીખાં - મુગલખાં - મહાન સંગીતકારનું અવસાન - ૧૮૬૯.

# સંયુક્ત રાષ્ટ્રસંઘના પ્રથમ મહામંત્રી કોણ હતા?

### વિષય : આંતરરાષ્ટ્રીય સંગઠનો

(૧) સંયુક્ત રાષ્ટ્રસંઘ (UNO) ની સ્થાપના કયારે કરવામાં આવી હતી?
(અ) ૨૪ જાન્યુ. ૧૯૪૫ (બ) ૨૪ ઓક્ટો. ૧૯૪૫
(ક) ૨૮ માર્ચ ૧૯૪૬ (ડ) ૨૪ જુલાઇ ૧૯૪૫
(૨) સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી સમિતિનાં પાંચ સભ્ય દેશોમાં અમેરિકા, રશિયા, ચીન, ઈંગ્લેન્ડ ઉપરાંત કયાં દેશનો સમાવેશ થાય છે?
(અ) જાપાન (બ) જર્મની (ક) ફ્રાન્સ (ડ) ભારત
(૩) યુનેસ્કો (UNESCO) નું મુખ્ય કાર્યાલય કયાં આવેલું છે?
(અ) લંડન (બ) રૉમ (ક) પેરિસ (ડ) વૉશિંગ્ટન
(૪) વીટો અથવા વિશેષાધિકારનો સૌ પ્રથમ ઉપયોગ સલામતી સમિતિનાં કયા કાયમી સભ્ય દેશે કર્યો હતો?
(અ) ફ્રાન્સ (બ) અમેરિકા (ક) ઈંગ્લેન્ડ (ડ) રશિયા
(૫) સંયુક્ત રાષ્ટ્રસંઘના પ્રથમ મહામંત્રી કોણ હતા?
(અ) ડાગ હેમર શોલ્ડ (બ) ત્રિગ્વેલી (ક) ઊથાંટ (ડ) ઝેવિયર પેરેજ
(૬) વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ની સ્થાપના કયારે થઈ હતી?
(અ) ૭ એપ્રિલ ૧૯૮૭ (બ) ૭ એપ્રિલ ૧૯૪૫
(ક) ૭ એપ્રિલ ૧૯૪૬ (ડ) ૭ એપ્રિલ ૧૯૪૭
(૭) વિશ્વ વ્યાપાર સંગઠનનું વડુ મથક કયાં આવેલું છે?
(અ) ન્યૂયોર્ક (બ) વૉશિંગ્ટન ડી.સી.
(ક) વિયેના (ડ) જિનીવા
(૮) વિશ્વના બાળકો અને તેમની માતાઓ માટે કામ કરતી સંસ્થા એટલે..
(અ) યુનેસ્કો (બ) યુનિસેફ (ક) વિશ્વ આરોગ્ય સંસ્થા
(ડ) આંતરરાષ્ટ્રીય અદાલત
(૯) સંયુક્ત રાષ્ટ્રસંઘની આધિકૃત ભાષામાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી?
(અ) રશિયન (બ) ફ્રેન્ચ (ક) સ્પેનિશ (ડ) જાપાનીઝ
(૧૦) ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઇઝૅશન (FAO) નું વડું મથક કયાં છે?
(અ) પેરિસ (બ) જિનીવા (ક) બર્ન (ડ) રૉમ
(૧૧) આંતરરાષ્ટ્રીય રેડક્રોસ સમિતિનું વડુ મથક કયાં આવેલું છે?
(અ) જિનીવા (બ) લંડન (ક) પેરિસ (ડ) રૉમ
(૧૨) નીચેનામાંથી કયો દેશો શાર્ક સંગઠનનો સભ્ય નથી?
(અ) માલદીવ (બ) મ્યામાંર (ક) શ્રીલંકા (ડ) ભૂટાન
(૧૩) આંતરરાષ્ટ્રીય માનવાધિકાર સંગઠન (એમેન્સ્ટ્રી ઈન્ટરનેશનલ) નું વડું મથક કયાં આવેલું છે?
(અ) જિનીવા (બ) રૉમ (ક) પેરિસ (ડ) લંડન
(૧૪) યુરોપીયન ઈકોનોમી કોમ્યુનિટીનું વડુ મથક કયાં આવેલું છે?
(અ) લંડન (બ) પેરિસ (ક) બ્રસેલ્સ (ડ) ઈસ્તંબુલ
(૧૫) સેન્ટ્રલ ટ્રીટી ઓર્ગેનાઇઝેશનનું વડુ મથક કયાં આવેલું છે?
(અ) બગદાદ (બ) અંકારા (ક) તહેરાન (ડ) ઈસ્તંબુલ




### ● વિવિધા ●

**વિષય :- મધ્યયુગના સાહિત્યકારો (રાસયુગ)**

વ્રજસેન સૂરિ : ભરતેશ્વર બાહુબલિઘોર (૧૧૭૦)
શાલિભદ્ર સૂરિ : ભરતેશ્વર બાહુબલિરાસ (૧૧૮૫)
ધર્મ સૂરિ : જંબૂસામિચરિય (૧૨૧૦)
વિજયસેન સૂરિ : રેવતંગિરિ રાસ (૧૨૩૧)
વિનય પ્રભરચિત : ગૌત્તમરાસ (૧૩૫૬)
વિનિયચંદ્ર : નેમિનાથ ચતુષ્પદિકા (૧૩૫૬)
જિનપદ્મસૂરિ : સિરથૂલિભદ્ર ફાગુ (૧૩૩૪)
રાજશેખર સૂરિ (નેમિનાથ ફાગુ) ૧૩૪૯
વિજયભદ્ર : હંસરાજ-વચ્છરાજ ચઉપઇ (૧૩૫૫)
અસાઇત : હંસાઉલી (૧૩૭૦)
ભીમદેવ : સધ્યવત્સચરિત (૧૪૧૦)
સંગ્રામસિંહ : આરાધના (૧૨૭૪)

### ગયા સપ્તાહનો સવાલનો જવાબ...

**સવાલ - કયા મહાનુભાવ ઉપરાષ્ટ્રપતિ તરીકે બહુમતિથી નિયુકત થયા?**

**જવાબ - હામીદ અન્સારી**

### સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) મહેશ એમ. જાદવ : ગુજરાત વિદ્યાપીઠ, સાદરા
(૩) હાર્દિક આર. મકવાણા : સે-૨૪
(૪) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : સે-૬બી, ૬૨૦/૧

### પૂછું એક સવાલ...?

(૧) વ્યાસ દિપીકા બી : સે-૪થી
પ્રશ્ન - સુંદરવન વાઘ અભ્યારણ્ય કયાં આવેલું છે?
જવાબ - ચોવીસ પરગણા (પશ્ચિમ બંગાળ)
(૨) મેહૂલ ડી. પંચાલ : સે-૩એથી
પ્રશ્ન - કૃષ્ણા નદીનું ઉદ્ગમ સ્થાન કયાં આવેલું છે?
જવાબ - મહાબળેશ્વર
(૩) પટેલ જમીત એન. : સે-૨૯થી
પ્રશ્ન - સુવર્ણમંદિર કઇ સાલમાં બંધાયું હતું?
જવાબ - ઈ. સ. ૧૫૭૭ માં
(૪) લમ્હા આર. જાદવ : સે-૩૦થી
પ્રશ્ન - સુનિતા વિલિયમ કયા મૂળ દેશનાં છે?
જવાબ - ભારત (ગુજરાત, વતન-ઝૂલાસણ)
(૫) ધાર્મિક એસ. પટેલ : સે-૨૦થી
પ્રશ્ન - ગેરસપ્પાનો ધોધ કયાં આવેલો છે? ઊંચાઇ કેટલી છે?
જવાબ - કર્ણાટક રાજયમાં - ઊંચાઇ ૨૯૦ મીટર

### આ સપ્તાહનો સવાલ...?

**તાજેતરમાં મહારાષ્ટ્રના કયા ભૂતપૂર્વ મુખ્યમંત્રીનું નિધન થયું?**

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર

### સાચા જવાબો :-

(૧) અ (૨) ક (૩) ક (૪) બ (૫) બ (૬) અ (૭) ડ (૮) બ (૯) ડ
(૧૦) ડ (૧૧) અ (૧૨) બ (૧૩) ડ (૧૪) ક (૧૫) બ

### મફતનું કંઈ લેવું હરામ!

રવિશંકર મહારાજ : ગુજરાતના મૂકસેવક.

એમણે આજીવન આખું ગરીબોની સેવા કરી. આ માટે તેઓ ગુજરાતમાં ઠેર-ઠેર ફરતા અને કુદરતના કોપ વખતે ગુજરાત બહાર પણ સેવા સહાય માટે પહોંચી જતા.

રવિશંકર મહારાજ ગામડામાં વસતા ગરીબોને ટેકો મળે તેવું કંઇ ને કંઇ અપાવતા રહેતા અને આપતા રહેતા. એક વખત તેઓ ગામડામાં ગોળ વહેંચતા હતા.

ગરીબ ગામ. લાચાર લોક.

આ બધા ગામને ચોરે આવે ને મહારાજ પાસેથી ગોળ લેતા જાય. દસેક વરસની એક છોકરી દૂર ઊભી ઊભી આ જોતી હતી. શું ગોળ લેવા જતાં શરમાતી હશે?

મહારાજે એને પોતાની પાસે બોલાવી. અને કહ્યું, 'બેટા, દૂર કેમ ઊભી છે? આવ, લે, આ ગોળ!'

છોકરી નજીક આવી.

મહારાજે ગોળ ધર્યો.




એ નાનકડી છોકરીએ ખભા ઊંચા કરીને કહ્યું, 'દાદા, નથી જોઈતો મારે ગોળ.' લે, લે, બેટા, બધાયને અને તમે મફતમાં ગોળ આપું છું.'

'મફતમાં અમે ન લઈએ, મહેનત કરીને મળે તે લઈએ.'

મહારાજને આ છોકરીની ખુમારી તો ગજબની લાગી. એમને થયું આ છોકરીના કુટુંબ વિષે જાણવું જોઈએ. આથી એના ઘેર ગયા.

છોકરીની માતા સાથે વાતચીત કરી ત્યારે ખબર પડી કે દીકરીના પિતાનું અવસાન તો કયારનુંય થઈ ગયું હતું.

એની માતા લમણે હાથ દઈને બેઠી ના રહી. એણે તો હાથમાં ઓજાર લઈ, મજૂરી કરવા માંડી. હાથ લંબાવવાની લાચારી કદી ના કરી.

આ સંતોષી માતાએ પતિના વખતનાં બળદ અને જમીન પણ વેંચી નાખ્યાં. એ વેચતાં જે રકમ મળી તેમાંથી એણે કૂવો ખોદાવ્યો.

કૂવો ખોદાવ્યો - પોતાના આંગણામાં નહીં.

કૂવો ખોદાવ્યો - ગામનાં પાદરમાં. કૂપાની નજીક અવેડો પણ કરાવ્યો. ઢોરને પાણી પીવા માટે.

રવિશંકર મહારાજે આવી મહેનતુ અને સેવાભાવવાળી માતાને વંદન કર્યા, આવો, આપણે પણ કરીએ એમને બંનેને વંદન! અને વગર મહેનતનું કંઇ લેવું નહિં એવું નક્કી કરીએ.

### આ ચિત્રમાં રંગ પૂરો



### બાળ મિત્રો,

બાળક એટલે એવું માને કે બધા મારી આસપાસ ફર્યા કરે. મમ્મી-પપ્પા કે દાદા-દાદી બધા મને જ મહત્ત્વ આપે અને મારું જ ધ્યાન રાખે. અને એમ ના થાય તો ભેંકડો તાણે, જાણે કે પોતે રાજા છે અને ભેંકડો તાણ્યો એટલે ઢંઢેરો પીટ્યો. પછી બધાંએ એનું કહ્યું જ કરવું પડે.

પણ આવું બધું થોડાક નાના હાઈએ ત્યાં સુધી ચાલે. પછી જેમ જેમ આપણે મોટા થઈએ તેમ સ્વીકારવું પડે કે આ ઘરનું કેન્દ્ર હું એકલો નથી. આપણે પણ આપણી જાતની આસપાસ ફર્યા કરવા કરતાં આજુબાજુની દુનિયા જોતા જવાની ટેવ પાડવી જોઈએ.

કેમ કે, ઘાંચીની ઘાણીનો બળદ પણ ગોળ ગોળ ફરે છે. પણ બંનેના ફરવામાં કેટલો બધો ફરે છે તે તમે જાણતા હશો.

એટલે આપણે પણ નક્કી કરવાનું છે શું બનવું? ઘાણીનો બળદ કે આકાશનાં તારા? પસંદગી તમારે કરવાની છે. જેવી તમારી પસંદગી તેવા વિચારો બનશે. માટે પોતાની જાત માટે જ બધું કરવાનો વિચાર છોડીને, થોડુંક આગળનું વિચાર કરવાની ટેવ પાડવાથી તમે ખૂબ પ્રગતિ કરી શકશો તેમાં શંકા નથી.

### વિશ્વમાં સૌથી...

- સૌથી મોટો ખંડ એશિયા છે
- સૌથી મોટો દેશ રશિયા છે
- સૌથી મોટો દેશ વસ્તીમાં ચીન છે
- સૌથી મોટો મહાસાગર પેસિફિક છે
- સૌથી મોટો ટાપુ ગ્રીનલેન્ડ છે
- સૌથી મોટો ધોધ નાયગ્રા ધોધ છે
- સૌથી મોટી નદી એમેઝોન (દ.અમેરિકા) પાણીના જથ્થાની દષ્ટિએ છે
- સૌથી મોટું સરોવર કાસ્પિયન (રશિયા) છે
- સૌથી મોટું પક્ષી શાહમૃગ છે
- સૌથી મોટું મીઠા પાણીનું સરોવર સુપિરિયર (કેનેડા/યુએસએ) છે
- સૌથી મોટુ રણ સહારા (ઉત્તર આફ્રિકા ) છે
- સૌથી મોટું સ્ટેડિયમ સ્ટાફુ, (પ્રાગ, ઝેકોસ્લોવિકિયા) છે
- સૌથી મોટું મહાકાવ્ય મહાભારત છે
- સૌથી મોટું એરપોર્ટ ફોર્ટ બર્થ (ટેકસાસ) છે
- સૌથી મોટું પ્રાણી હાથી છે

**- સંકલન : માનવ દેલવાડીયા**